॥ શ્રી હરિઃ ॥

# આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ



પ્રસ્તુત કરે છે

# હોરી ખેલે વ્રજરાજ

## વસંત - ધમારના પદો અને રસીયા

(કેસેટ આવૃત્તિ)

Scanned by CamScanner

॥ શ્રી હરિ: ॥

# આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

પ્રસ્તુત કરે છે

# "હોરી ખેલે વ્રજરાજ"

વસંત - ધમારના પદો અને રસીયા

કીર્તનકાર :
શ્રી જમુનાપ્રસાદજી શર્મા
પં શ્રી સુખદેવજી ચતુર્વેદી


સહગાયન :
કુ. ખ્યાતિ દ્વારકાદાસ
કુ. બીના ભાટીયા

સંકલન : કુ. ખ્યાતિ દ્વારકાદાસ

ઉદ્‌ઘોષણા: શ્રીમતી કલ્પનાબેન પી. શાહ


(કેસેટ આવૃત્તિ)

Scanned by CamScanner



નિ. લી. પૂ. પા. ગો. ૧૦૮ શ્રી જીવનેશાચાર્યજી


Scanned by CamScanner



નિ. લી. પૂ. પા. ગો. ૧૦૮ સોમયાજી દીક્ષિત
શ્રી પ્રથમેશજી રણછોડાચાર્યજી

Scanned by CamScanner

||શ્રી હરિઃ||



## આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના પ્રમુખ શ્રી મુકુંદભાઈ રણછોડદાસ શાહના ભાવોદ્‌ગાર

કીર્તનાનુરાગી પ્રિય વૈષ્ણવો,

*પૂજાત્કોટિગુણં સ્તોત્રં સ્તોત્રાત્કોટિગુણો જપઃ ।*
*જપાત્કોટિગુણં ગાનં ગાનાત્પરતરં ન હિ ॥*

નિત્યલીલાસ્થ પૂજ્યપાદ ગો. ૧૦૮ શ્રી જીવનેશાચાર્યજી દ્વારા સ્થાપિત અને નિત્યલીલાસ્થ પૂજ્યપાદ ગો. ૧૦૮ શ્રી પ્રથમેશજી દ્વારા સંસ્થાપિત તેમ જ અનેક ધર્માચાર્યો દ્વારા સિંચિત એવી શતાબ્દીના આરે ઉભેલી આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય



Scanned by CamScanner

વૈષ્ણવ પરિષદ દ્વારા ષડ્ઋતુઓની કીર્તન કેસેટમાલાનું પ્રથમ મોતી ''શ્યામ ઘટા ઘિર આઈ'', દ્વિતીય મોતી ''શીત કાલ સુહાવનો'', તૃતીય મોતી ''ગ્રીષ્મ યુગલ સુખદાયી'' પ્રગટ કર્યા બાદ હવે વસંત ઋતુમાં ગવાતા પદો અને રસિયાની કેસેટ પ્રગટ કરતાં અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવે છે.

આચાર્યશ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી દ્વારા નિર્દેશિત સેવા પ્રકારમાં કીર્તન સેવા મુખ્ય સ્થાને છે. લીલાઓના અવગાહનથી પ્રભુ પ્રસન્ન થાય છે અને મનનો નિરોધ પ્રભુમાં શીઘ્ર થાય છે. આ હેતુથી ઉપરોક્ત કેસેટોની સાથેસાથ વૈષ્ણવો પોતાના સેવ્યસ્વરૂપને રીઝવવા ઘેર બેઠાં પણ સંપ્રદાયમાં ગવાતાં રાગોમાં લય અને તાલબદ્ધ કીર્તનો શીખી શકે તે હેતુથી પૂજ્યપાદ શ્રી નિકુંજલતાબેટીજીની અધ્યક્ષતા અને માર્ગદર્શન હેઠળ ''શ્રી ગુસાંઈજી ચેરીટેબલ ટ્રસ્ટ''ના સંયુક્ત તત્વાધાનમાં કીર્તનની પંચવર્ષીય અભ્યાસક્રમની પુસ્તિકાઓ અને કેસેટો કીર્તન પ્રવેશિકાથી લઈ કીર્તન વિશારદ પર્યંતની પ્રગટ થઈ છે. પ્રત્યેક વર્ષે ભારતના



Scanned by CamScanner

અને વિદેશના અનેક કેન્દ્રોમાંથી કીર્તનની પરીક્ષાઓ લેવાય છે અને ઉત્તીર્ણ વૈષ્ણવોને પ્રમાણપત્રો અપાય છે; જેનો લાભ મોટી સંખ્યામાં વૈષ્ણવો લઈ રહ્યાં છે તે આનંદની વાત છે.

આ કેસેટોને પ્રગટ કરવામાં રાત-દિવસના પરવા કર્યા વિના પરિષદની કીર્તન સમિતિના સભ્યો **શ્રી મનહરભાઈ શ્રોફ (માર્ગદર્શક), શ્રી બટુકભાઈ શાહ, શ્રી નિર્મળભાઈ દ્વારકાદાસ, શ્રી ચંદ્રેશભાઈ પટેલ, શ્રી વલ્લભભાઈ રાયચુરા, શ્રી પ્રદીપભાઈ ગાંધી** વિગેરેનું વિશેષ યોગદાન રહ્યું છે. આ બધી કેસેટો અને પુસ્તિકાઓનું સંકલન **કુ. ખ્યાતિ દ્વારકાદાસે** અથાગ પરિશ્રમ લઈ ખૂબ જ ટૂંકા સમયમાં પ્રકાશન કાર્યમાં તેમનું અમૂલ્ય યોગદાન આપ્યું છે તેમ જ સહગાયનમાં પણ **કુ. ખ્યાતિબેન** તથા **કુ. બીનાબેન ભાટીયાએ** પોતાના કંઠનું માધુર્ય પીરસ્યું છે. **શ્રીમતી કલ્પનાબેન શાહના** રસમય ભાવોદ્દબોધન દ્વારા આ કેસેટો વિશેષ ભાવવાહી બની રહી છે. પુસ્તિકાનું સુંદર મુદ્રણ **ક્રીયેટીવ કોમ્પ્યુગ્રાફીકસના**



Scanned by CamScanner

**શ્રી જયંતભાઈ શાહે** ખૂબ જ ટુંકા ગાળામાં કર્યું છે. આ બધી કેસેટોમાં પોતાના કંઠના કામણ દ્વારા પ્રાણ પુરનારા પરિષદના કીર્તનાચાર્ય સુવિખ્યાત કીર્તનકાર **શ્રી જમુનાપ્રસાદજી શર્મા** છે; જેઓ ઘણા વર્ષોથી વૈષ્ણવોને કીર્તન પ્રશિક્ષણ આપી રહ્યાં છે. સાથોસાથ આ કેસેટમાં સુવિખ્યાત કીર્તનકાર **પં. શ્રી સુખદેવજી** ચતુર્વેદીના કંઠમાધુર્યથી હોળીના રંગો જેવી વિવિધ રંગીનતા છવાઈ ગઈ છે.

**પ. ભ. શ્રી મનહરભાઈ શ્રોફ** તથા **શ્રીમતી નયનાબેન દ્વારકાદાસના** માર્ગદર્શન અને સૂચનોના ફલસ્વરૂપે આજે ''હોરી ખેલે વ્રજરાજ'' કેસેટ અને સી. ડી. પ્રગટ કરવા અમે ભાગ્યશાળી થયા છીએ, જેમાં વસંત ઋતુમાં મંગળાથી શયન પર્યંત ગવાતા કીર્તનો ધમાર અને રસીયાઓનો સમાવેશ કર્યો છે. આશા છે કે સર્વે વૈષ્ણવો માટે આ અત્યંત ઉપયોગી પુરવાર થશે અને હંમેશની જેમ આપનો સહયોગ સદૈવ મળતો રહેશે.



Scanned by CamScanner

શ્રી હરિ:

# ✳ આમુખ ✳

ઋતુઓનું ચક્ર તો સદૈવ ફરતું જ રહે છે. ઋતુઓની આવન-જાવનના આ ક્રમ અનુસાર, હેમંત અને શિશિર સખીઓએ વિદાય લીધી. પ્રભુથી વિખુટા પડવાના ભયથી કંપતી આ સખીઓના કંપનો અનુભવ જાણે સમગ્ર સૃષ્ટિ કરી રહી હતી. વાતાવરણ મુરઝાઈ ગયું હતું. ઠંડીથી ત્રસ્ત બનેલાં વૃક્ષો-પશુ-પક્ષીઓ અને માનવીઓ પણ થરથર કંપી રહ્યાં હતાં પરંતુ ત્યાંજ પ્રભુની સેવા માટે વસંત સખીનું આગમન થયું. નવી ઋતુ નૂતન ચેતનાના કીરણો રેલાવતી આવી. વસંતઋતુ એટલે તો કામદેવની ઋતુ. ગીતામાં આથી જ તો ભગવાને સ્વયં કહ્યું છે કે ''ऋतुनामकुसुमाकरः'' આ કુસુમાકરે પોતાના બાણોનું એવું અનુસંધાન કર્યું કે સમગ્ર સૃષ્ટિ ખીલી ઊઠી. સારીયે સૃષ્ટિમાં જાણે પ્રાણ પુરાયા. વનની વનરાઈ, અને વૃક્ષ વેલીઓ પુષ્પે પુષ્પે પાંગરી ઊઠી. પક્ષીઓના કલનાદથી વાતાવરણ



Scanned by CamScanner

ગૂંજવા લાગ્યું. ત્યારે માનવીનાં હૈયાં પણ કઈ રીતે હાથમાં રહે!

આતો રંગોની ઋતુ. રંગબેરંગી પુષ્પોના રંગથી વૃક્ષ-વનરાઈ રંગીન, પક્ષીઓના કલરવથી વાતાવરણ રંગીન, રંગ બેરંગી વસ્ત્રોથી ગોપ ગોપીઓ રંગીન, પરંતુ સ્વામિનિજીના નેત્રોતો શ્રીશ્યામસુંદરને શોધી રહ્યાં છે.

*"ઋતુ પલટી મોપે રહ્યો ન જાય*
*મધુકર માધોસોં કહીયો જાય."*

ત્યાંજ તો કાનાની વેણુનો મધુર નાદ સંભળાય છે. સર્વત્ર અદ્‌ભૂત રસ છલકાય છે. પ્યારા શ્યામસુંદરના દર્શન કાજે વ્રજવાસીઓ દોટ મૂકે છે, અને ત્યાંજ વાસંતી રંગે રંગાયેલા શ્યામપ્રભુના દર્શન થાય છે. આનંદમાં આવેલા વ્રજવાસીઓ અબીલ ગુલાલના છંટકાવથી વાતાવરણને ભરી દે છે.

*"આઈ ઋતુ બસંતકી ગોપિન કિયો સિંગાર,*
*કુમકુમ બરની રાધિકા, સો નિરખત નંદકુમાર"*



Scanned by CamScanner

આમ વસંતના દિવસો વહેતા જાય છે. શ્રીનંદરાયના પ્રાંગણમાં હોરીદાંડાનું રોપણ થાય છે. સોળે શણગારમાં સજજ ગોપિકાઓ અને રંગબેરંગી વસ્ત્રોમાં શોભતા ગોપજનો સાથે નંદ-યશોદા એનું પૂજન કરે છે. અને એમ કરતાં આવે છે. હોરીનો તહેવાર ભકતોની પ્રસન્નતા માટે પ્રભુએ ધૈરૈયાનો સ્વાંગ સજયો છે. ગોપબાળકોની હોળી સાથે પ્રભુ ગોપીકાઓને કેસર-અબીલ, ગુલાલના રંગે રંગી રહ્યા છે. રાધારાણીનું તો તન-મન રસતરબોળ છે. પ્રભુ મીઠી છેડછાડ કરી રહ્યા છે. આ અદ્‌ભુત લીલાનું દર્શન કરતા શ્રી રસિકપ્રીતમ ગાઈ ઊઠે છે

*"હોરિ કે ખ્યાલ બીચ યહ કયા કીતા*
*મૈનું લગાઈ છડરી ફૂલોં દી, સીરદા ઘુંઘટ ખોલ બે દીતા."*

આવા રંગભર દિવસોમાં ગોપ-ગોપીઓ કુંજ-નિકુંજોમાં વિધવિધ પુષ્પોયુકત આમ્રપર્ણોના ઝૂલા તૈયાર કરી શ્યામ-શ્યામાને ઝૂલાવી રહયાં છે. ડફ, તાલ, કરતાલ અને પખાવજના તાલ સાથે લલિતાદિક સખીઓ સુમધુર સ્વરે ગાન



Scanned by CamScanner

કરી રહ્યાં છે. શ્યામ-શ્યામા હીંડોળે ઝૂલી રહ્યાં છે. શ્યામાપ્યારીનું તન-બદન કેસર ચંદનના લેપથી લપટાયું છે. સર્વત્ર આનંદ આનંદ છવાયો છે.

આમ સમગ્ર વ્રજવાસીઓ, આનંદઘન પરમાત્માની આ અદ્‌ભૂત લીલાઓથી અતિ પ્રસન્ન છે અને ભકતોની પ્રસન્નતાથી સ્વયં પ્રભુ પ્રસન્ન છે.

તો આ બાજુ યશોદાજીના ભાવથી, ગોપિકાઓના ભાવથી પ્રભુ શ્યામસુંદરની સેવા કરતા પુષ્ટિભકતોએ પણ વસંતને અનુરુપ તૈયારી કરી લીધી છે. ઋતુકાલને અનુરુપ, શ્રીઠાકોરજીને ધરાવવાના વસ્ત્રોમાં હવે ગદ્દલ અને ફરગુલનું સ્થાન, શ્વેત જગન્નાથી વસ્ત્રોએ લીધું છે. તો સાથે ફાગણ માસને અનુરુપ ફાગુની વસ્ત્રો પણ તૈયાર કરી દીધાં છે. હીના અને કેસરના અત્તરનું સ્થાન હવે સોંધા જેવા અત્તરે લીધું છે. શ્રી ઠાકોરજીને ધરાવવાના સુવર્ણના તથા રંગબેરંગી મીનાના આભુષણો પણ તૈયાર છે.

ત્યાંજ આવી પહોંચે છે વસંતપંચમીનો શુભદિન. તે દિવસે પુષ્ટિભકતો સેવામાં



Scanned by CamScanner

કલશનું સ્થાપન કરી વસંતનું અધિવાસન કરે છે. પ્રભુના શ્રીમસ્તક ઉપર ચન્દ્રિકાની જોડ સાથે આમ્રમંજરી ધરાવે છે. શ્વેતવસ્ત્રોમાં શોભતા શ્રીઠાકોરજી ઉપર હળવો અબીલ-ગુલાલનો છંટકાવ ખેલના સમયે કરે છે.

પછી આવે છે હોરીનો તહેવાર. હોરીખેલનો ઉત્સવ પણ વૈષ્ણવો અતિ ઉત્સાહથી મનાવે છે. શ્રીઠાકોરજી પર કેસર-ચંદનની પિચકારીથી તથા અબીલ-ગુલાલથી છંટકાવ કરવામાં આવે છે. ભોગમાં વિવિધ સામગ્રીઓ સાથે ફગુવો ધરાય છે. પ્રભુની પ્રસન્નતા માટે કીર્તનગાન સમયે, હોરિના રસિયા, હોરિના ખયાલ, ધમાર વગેરેનું ગાન કરી પ્રભુને રીઝવવામાં આવે છે.

ચાલો આપણે પણ, ''હોરી ખેલે વ્રજરાજ'' કેસેટમાંના વસંતધમારના, હોરીના પદો, રસિયા વગેરેનું શ્રવણ કરી, ભક્તિના વાસંતી રંગમાં રંગાઈ જઈએ.



Scanned by CamScanner

*॥શ્રી હરિઃ॥*

**खेलत वसंत गिरिधरनलाल, मनमोहन सोहन दृग विशाल**

**उडत अबीर पचरंगगुलाल, बाजत मृदंग डफ झांझताल ॥**

પ્રભુ શ્રી શ્યામસુંદરની અસીમ કૃપાથી, આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ષડ્ઋતુઓની કેસેટમાલાના ત્રણ અણમોલ મોતી (૧) શ્યામઘટા ઘિર આયી, (૨) શીતકાલ સુહાવનો તથા (૩) ગ્રીષ્મ યુગલ સુખદાયી પ્રગટ કર્યા બાદ આ માલાનુ ચતુર્થ મોતી ''હોરી ખેલે વ્રજરાજ'' પ્રગટ કરતાં અત્યંત આનંદ અનુભવે છે. આ કેસેટમાં વસંતના પદો, આલાપચારી, અષ્ટપદી, હોરીના સુંદર પદો તથા રસિયાઓનું શ્રવણ કરવાનો લ્હાવો મળશે.



Scanned by CamScanner

૧) પ્રાતઃ સમે સ્મરૂં શ્રીવલ્લભ

આવો, મંગલાચરણરૂપ, શ્રીવલ્લભ-શ્રીવિઠ્ઠલની વંદનાના આ પદથી કેસેટ ''હોરી ખેલે વ્રજરાજ'' નો આરંભ કરીએ. શ્રી દ્વારકેશલાલજી કહે છે, શરણે આવેલા જીવનો જેઓ ક્યારેય પરિત્યાગ નથી કરતા, જેમના સ્મરણમાત્રથી આ ભવદુઃખનો નાશ થાય છે, એવા શ્રી વલ્લભ-વિઠ્ઠલના ચરણોનું સદૈવ સ્મરણ એજ જીવનની સાર્થકતા છે. રાગ લલિતના સૂરો છે.

**प्रातसमे स्मरुं श्रीवल्लभ श्रीविट्ठलनाथ परमसुखकारी ।।**
**भवदुख हरण भजनफल पावन कलिमल हरण प्रतापमहारी ।।१।।**
**शरणआये छांडत नहि कबहु बांहगहेकी लाजविचारी ।।**
**त्यजो अन्य आश्रय भजो पदपंकज द्वारकेशप्रभुकी बलहारी ।।२।।**



Scanned by CamScanner

**૨) શ્રીયમુના યમુના નામ ભજો.**

શ્યામસુંદરના સુખમાં જ પોતાનું સુખ માનનારા, પ્રભુ જેવા જ સર્વ શ્રૃંગારોને ધારણ કરનારાં, વ્રજપતિના અતિ લાડિલા, ઐહિક અને પારલૌકિક સકલ પદાર્થોના દાતા, શ્રી યમુનાજીના નામનું, એમના આરાધનનું માહાત્મ્ય, આ પદ દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

રાગ માલકૌંસના મનભાવન સૂરોમાં ગૂંથાયેલા અને તીનતાલમાં નિબદ્ધ આ પદનું રસપાન કરીએ. પદના બોલ છે.

**श्रीयमुनायमुनानाम भजो ॥**

**हरखत करे आराधनईनको ओरको पंथतजो ॥१॥**

**देहें सकलपदारथ तुमकों इनके नामरजो ॥**

**व्रजपतिकी अतिहीपियारी तातें सकलश्रृंगार सजो ॥२॥**



Scanned by CamScanner

**૩) સઘન વન છાયો, પ્રફુલ્લિત દ્રુમવેલિ ભયો હુલ્લાસ વ્રજજન મન ॥**

હેમંત સખીની વિદાય સાથે જ, શીતકાલે પણ વિદાય લીધી અને આવી પહોંચી વસંત સખી, કોકીલાએ મીઠા મીઠા ટહૂકા કરી, આ નવી ઋતુના વધામણા લીધા, સમગ્ર વાતાવરણ આનંદ-ઉલ્લાસથી તરબોળ બન્યું. વ્રજવાસીઓના મન, હરખને હીંડોળે ઝૂલવા લાગ્યા. અદ્દભુત રસ વિલસી રહ્યો છે. વસંત સખીએ જાણે યુગલસરકારને આ સર્વ સામગ્રીનો ઉપભોગ કરવા, નિમંત્રણ આપી દીધું છે.

રસિકપ્રીતમ - શ્રી હરિરાયજી કહે છે, ચાલને સખી મનોરથોને પૂર્ણ કરતા પ્રભુ શ્યામસુંદરને તન-મન-ધન અર્પી આપણે પણ ધન્ય બનીએ.

રાગ બહારના સ્વરમાધુર્યથી મઢેલા આ પદને માણિયે, જેનો તાલ છે તીનતાલ.



Scanned by CamScanner

सघन वन छायो प्रभुल्लित द्रुमवेलि, भयो हुलास व्रजजन मन ।।
ठोरठोर कोकिल कल कूजत करत गुंजार मधुपगन ।।१।।
भयो प्रकट ऋतुराज आज सखी वासकियो सुनियत वृंदावन ।।
रसिक प्रीतम पियसों रसबिलसों आन अर्पो सखि तन मन धन ।।२।।



Scanned by CamScanner

૪) આલાપચારી - આઈ ઋતુ બસંતકી ગોપીન કીયે સીંગાર । કુમકુમબરની રાધિકા સો નિરખત નંદકુમાર

રાગ બસંતના સંમોહક સૂરોએ મઢેલી આ આલાપચારીનું શ્રવણ કરીએ. પુષ્ટિમાર્ગીય કીર્તન પ્રણાલીમાં, નૂતન ઋતુના પ્રારંભે, પ્રભુની પ્રસન્નતા માટે, તે ઋતુના પ્રધાન રાગોમાં આલાપચારી અવશ્ય કરવામાં આવે છે.

આવો આ આલાપચારીનું શ્રવણ કરી ધન્ય બનીએ.

।।साखी।। आई ऋतु-बसंत की गोपीन किये सिंगार ।।
कुमकुम बरनी श्री राधिका सो निरखति नंदकुमार ।।१।।
आई ऋतु-बसंत की मौरे सब बनराई ।।
एकु न फूलै केतकी और फूली बनजाई ।।२।।



Scanned by CamScanner

श्री गिरिराजधरनधीर लाड़िलौ ललन-बर गाइए ।।
श्री नवनीत प्रिय लाड़िलौ ललन-बर गाइए
श्री मदन मोहन पिय लाड़िलौ ललन-बर गाइए ।।३।।
कुंज कुंज क्रीड़ा करैं, राजत रुप-नरेस ।।
रसिक, रसीलौ, रसभर्यौ, राजत श्रीमथुरेस ।।४।।
श्री गिरीराजधरनधीर लाडिलौ ललन बर गाइए ।।
आनंदकी निधीवर गाईये भक्तन कोमनभामतो ललनवर गाइए ।।५।।



Scanned by CamScanner

## ૫) વસંત જગાયવેકો પદ

જાગે હો લાલ ગુપાલ, ગિરિવરધરન, સરસ ઋતુરાજ બસંત આયૌ ।

અખિલ બ્રહ્માંડના નાયક, માતા યશોદાના ખોરડે, બાળક બનીને લીલા કરી રહ્યા છે. મૈયા યશોદા બાલ ગોપાલને જગાડવાના વિવિધ યત્નો કરી રહ્યાં છે. અંતમાં માતા, આ ગિરિવરધારીને નિદ્રામાંથી જાગૃત કરવા અતિઃ રોચક વાત કહે છે અને એ સાંભળતાં જ નંદલાલ નિદ્રામાંથી સફાળા જાગી, હાથમાં રંગની પિચકારી લઈ ભાગવા માંડે છે.

માતા યશોદા લાલાને શું કહે છે, સાંભળિયે આ જગાવવાના પદ દ્વારા, રાગ છે વસંત. તાલ ઝપતાલ.



Scanned by CamScanner

जागि हो, लाल, गुपाल, गिरिवरधरन, सरस ऋतुराज बसंत आयौ ॥
फूले द्रुमवेली, फल, फूल बौरे, अंब, मधुप, कोकिला कीर सैन लायौ ॥१॥
जावौ खेलन, सबै ग्वाल टेरत द्वार, खाऊ भोजन मधु, घृत, मिलायौ ॥
सखी-जूथन लीयैं आई है, राधिका मच्यौ गहगडराग रंग छायौ ॥२॥
सुनति मृदु-बचन, उठे चौंक उठे नंदलाल, कर लीयैं पिचकाई सुबल बुलायौ ॥
निरखि मुख, हरखि हियैं, वारि तन मन प्रान,
सूर येहि मिसहि गिरिधर जगायौ ॥३॥



Scanned by CamScanner

૬) કલેઉકા પદ - કરૌ કલેઉ મદનગોપાલ ।। મધુ, મેવા, પકવાન, મિઠાઈ ભરિ - ભરિ રાખે કંચનથાલ ।।

નિદ્રાનો ત્યાગ કરી, ખેલ માટે ભાગતા મદનગોપાલને મૈયા, કલેઉ કરવા વિનવી રહ્યાં છે. ક્યારેક તો મૈયા નંદલાલને બેની જલ્દી બઢશે '-એવું પ્રલોભન આપે છે. તો આજે કનૈયાને ભાવતી, વિવિધ સામગ્રી આરોગવા મૈયા મનુહાર કરી રહ્યાં છે. ફલસ્વરૂપે, પ્રભુ દાઉભૈયા અને ગોપબાલકો સાથે કલેઉ કરવા બિરાજે તો છે, પરંતુ મનમોહનનું મન, તો ફાગ ખેલમાં જઈને અટક્યું છે.

રાગ હિંડોલ વસંતના મનમોહક સૂરોમાં સાંભળિયે આ કલેઉનું પદ. તાલ છે તીનતાલ.

करौ कलेऊ मदन गोपल ।।

मधु, मेवा, पकवान, मिठाई, भरि-भरि राखे कंचनथाल ।।१।।

माँखन, मिसिरी, सद्य-जम्यौ-दधि, औंट्यो दूध, अरु सरस मलाई ।।

आप हु खाऔ ग्वालन सँग लैकैं, पाछैं खेलौ सघन-बन जाई ।।२।।

करत कलेऊ रामकृष्ण दोऊ, औरहु संग लिये सब ग्वाल ।।

करहि बात फागु-खेलनि की, 'कृष्णदास' मनमोहन लाल।।



Scanned by CamScanner

७) ઓર રાગ સબ ભયે બારાતી દૂલ્હે રાગ બસંત ॥

આ પદમાં વસંતઋતુ અને એમાં ગવાતા રાગ વસંત-બન્નેનો મહિમા શ્રીકુંભનદાસજીએ ગાયો છે. ભકત કવિ કહે છે કે વસંતઋતુ તો પુષ્પધન્વા કામદેવની ઋતુ છે. એના બાણોનું અનુસંધાન થતાં જ હેમંત ઋતુએ વિદાય લીધી. પ્રકૃતિ પુષ્પે પુષ્પે ખીલી ઊઠી, પક્ષીઓના મધુર કલનાદથી વાતાવરણ ગૂંજી ઊઠયું, અને વ્રજવાસીઓનાં મનતો, રંગોના કસુંબલ કેફમાં ઝૂમવા માંડયા છે.

શ્રી ઠાકોરજીએ પણ આજે દુલ્હેનો શ્રૃંગાર સજ્યો છે. આ સમયે ગવાતો રાગ બસંત, અન્ય રાગોની મધ્યમાં દુલ્હેરાજા જેવો શોભાયમાન લાગે છે.

રાગ કોમલ ધૈવત વાળા વસંતમાં માણિયે આ શ્રૃંગારનું પદ. તાલ છે ધમાર.



Scanned by CamScanner

ओर राग सब भये बराती दूल्हे राग बसंत ॥
मदन महोच्छव आज सखिरी बिदा भयौ हेमंत ॥१॥
मधुरे सुर कोकिल कल कूजत बोलति मोर हँसंत ॥
गावति नारि पंचम सुर ऊँचे जैसें पिक गुनवंत ॥२॥
हाथन लई कनक पिचकाई मोहन चाल चलंति ॥
'कुंभनदास' स्यामा प्यारी कों मिल्यो हे भाँमतो कंत ॥३॥



Scanned by CamScanner

૮) નવલવસંત, નવલ વૃંદાવન નવલ હી ફૂલે ફૂલ

હેમંતની શીતલતામાં જકડાયેલા પ્રકૃતિના તત્ત્વોને, મુકત કરવા, નૂતનઋતુનું આગમન થયું. વસંતનું આગમન થતાં જ સમગ્ર સૃષ્ટિ જાણે સોળે કલાએ ખીલી ઊઠી. નૂતન ઋતુની સાથે, સર્વત્ર નૂતનતા પ્રગટ થવા લાગી. એટલું જ નહીં, કાલિંદિના તટ ઉપર ખેલતા શ્યામ-શ્યામા અને તેમના વાસંતી સાજમાંથી પણ નૂતનતાનું દર્શન થવા લાગ્યું.

રાગ વસંતના મનમોહક સૂરો છે તાલ વિલંબિત ધમારમાં નિબદ્ધ આ સુંદર પદનું રસપાન કરીએ. પદના બોલ છે,

नवल बसंत नवल वृन्दावन नवलही फूले फूल ॥
नवलही कान्ह नवल बनी गोपी निर्तत एक ही तूल ॥१॥
नवल गुलाल उडे रंग बूका नवल वसंत अमूल ॥
नवलही छींट बनी केसरिकी मेंटत मनमथ सूल ॥२॥
नवलही ताल पखावज बाजत नवल पवनके झूल ॥
नवलही बाजे बाजत श्रीभट्ट कालिन्दीके कूल ॥३॥



Scanned by CamScanner

૯) શ્રીગોવર્ધનકી શિખર ચારુપર ફૂલી નવમાધુરી જાઈ।।

રાગ હીંડોલના સૂરોથી મઢાયેલું, વસંતના સૌંદર્યનું ગાન કરતું આ એક સુંદર પદ છે. ભક્ત કવિ શ્રી છિતસ્વામીની બાનીમાંથી પ્રગટ થયેલા આ પદનો રસાનંદ લઈએ.

તાલ છે ધ્રુત ધમાર.

श्री गोवर्धन की शिखर चारुपर फूली नवमाधुरी जाई ॥
मुकलित फलदल सघन मंजुरी सुमन सुसोभा बहोतभाई ॥१॥
कुसुमित कुंज पुंज द्रुमवेली निर्झर झरत अनेक ठांई ॥
छीतस्वामि व्रजजुवति जूथमें विहरत हें गोकुलके राई ॥२॥



Scanned by CamScanner

## ૧૦) અષ્ટપદી - હરિરિહ વ્રજયુવતિ શતસંગે

અષ્ટપદીની વાત આવતાં, શ્રીગુસાંઈજી કૃત, યમુનાષ્ટપદી, શ્રીવ્રતચર્યાષ્ટપદી તથા વસંત સમયે ગવાતી અષ્ટપદીનું અનાયાસે સ્મરણ થાય છે. આ સર્વ અષ્ટપદીઓ અણમોલ છે.

વસંત સમયે ગવાતી અષ્ટપદી, વસંતપંચમી થી કુંજ એકાદશી પર્યંત, પ્રતિદિન શ્રીઠાકોરજી સમક્ષ ગાવામાં આવે છે. શ્રૃંગારમય લાગતી આ અષ્ટપદી, દિવ્ય ભાવથી ભરપૂર છે.

''रसो वै सः'' પરમાત્માને રમણની ઈચ્છા જાગી, પણ ''स एकाकी न रमते,'' આથી પ્રભુ દ્વિદલાત્મક બન્યા. માનવ દેહધરી, કૃષ્ણ અને રાધા બની, આ ભૂતલ ઉપર સહુને રસાનંદનું દાન દેવા તથા સર્વના મનોરથોને પૂર્ણ કરવા પ્રગટ થયા.

અહીં, આ અષ્ટપદીમાં, આધિદૈવિક કામરૂપ પ્રભુના આધિદૈવિક સ્વામિનિજી સાથેના, રસવિલાસનું તથા વ્રજસિમંતિનિઓ સાથેના રમણનું રોચક વર્ણન



Scanned by CamScanner

છે. જેમ સિંહણનું દૂધ, સુવર્ણપાત્ર વિના ધારણ ન કરી શકાય, તેમ અલૌકિક પ્રભુની રસલીલાઓને લૌકિકભાવથી ગ્રહણ ન કરાય. ખુદ જ્ઞાની મુનિ શ્રીશુકદેવજીએ પણ કહ્યું છે કે પ્રભુની આ લીલાઓ કામ રૂપી હૃદરોગને દૂર કરનારી છે. આવો આ અલૌકિક અષ્ટપદીનું શ્રવણ કરી ધન્ય બનીએ.

રાગ વસંતના સૂરો છે. તાલ છે ધમાર.

हरिरिह व्रजयुवती शतसंगे।
विलसति करिणी गण वृत वारण, वर इव रति पति मान भंगे ।।ध्रु० ।।
विभ्रम संभ्रम लोल विलोचन, सूचित संचित भावं।।
कापि दृगंचल कुवलय निकरै, रंचतितं कलरावं ।।१।।
स्मित रुचि रुचि रतरानन कमल मुदीक्ष्य हरे रतिकंदं ।।
चुंबति कापि नितंबवती करतल धृत चिबुकममंदं ।।२।।



Scanned by CamScanner

उद्भट भावविभावित चापल, मोहन निधुवन शाली,
रमयति कामपिपीन धनस्तन, विलुलित नव वनमाली ॥३॥
निज परिरंभ कृतेनुद्रुतमभिवीक्ष्य हरिं सविलासं ॥
कामपिकापि बलाद करोद्ग्रेकुतु केन सहासं ॥४॥
कामपिनीवी बंध विमोकस, संभ्रम लज्जित नयनां ॥
रमयति संप्रति सुमुखि बलादपि करतल धृत निज वसनां ॥५॥
पिय परिरंभ विपुल पुलकावलि द्विगुणित सुभग शरीरा ॥
उद्गायति सखि कापि समं हरिणा रतिरसरणधीरा ॥६॥
विभ्रम संभ्रम गलदं चलमलयांचित मंगमुदारं ॥
पश्यति सस्मित मति विस्मित मनसा सुदृशः सविकारं ॥७॥
चलति कयापि समंस कर ग्रहं, अल सत रंस विलासं ॥
राधे तव पूरय तु मनोरथ मुदित मिदं हरिरासं ॥८॥



Scanned by CamScanner

**૧૧) હરિજુકે આવનકી બલિહારી। વાસરગતિ દેખતિહૈં ઠાડી, પ્રેમમુદિત વ્રજનારી ॥**

આવનીનું આ પદ છે. ગોરજ સમયે ગાયો સહિત પાછા ફરતા નંદનંદનનું અતિમોહક ચિત્ર અહીં પ્રગટ થાય છે. પ્રભુની આવી લીલાની ઝાંખી કરતા, શ્રીપરમાનંદદાસજીનું જીવન ધન્ય છે. એમની બાની ધન્ય છે.

રાગ ભૈરવબહારના સૂરોએ ગૂંથાયેલા અને સૂલતાલમાં નિબદ્ધ આ સુંદર પદને મનભરીને માણિયે.

Scanned by CamScanner

हरिजूके आवन की बलिहारी ।।
वासरगति देंखतिहें ठाडी प्रेम मुदित व्रजनारीं ।।१।।
ऋतु वसंत कुसमितवन देखियत मधुपवृंद जसगावें ।।
जेमुनिआय रहत वृंदावन स्याम मनोहर भावें ।।२।।
नीको भेष बन्यों मनमोहन राजमणि उरहार ।।
मोरपक्ष सिरमुकट विराजत नंदकुमार उदार ।।३।।
घोष प्रवेस कियोहे संग मिलि गौरज मंडित देह ।।
परमानंद स्वामी हित कारन जसुमति नंदसनेह ।।४।।



Scanned by CamScanner

૧૨) શ્રીગોવર્ધનરાય લાલા । પ્યારે લાલ તિહારે ચંચલ નયન વિશાલ ।।

અષ્ટસખાઓના કીર્તનો એટલે, પ્રભુની અલૌકિક લીલાઓનું દર્શન કરતા, અનાયાસ નિષ્પન્ન થયેલા પદો. હોરી-ધમારના આ પદમાં, હોરિ સમયે પનિહારિઓની વાટ રોકી, એમની મટુકીઓ ઢોળી, ગોપિઓને રંગમાં રંગી દેતા ગોવર્ધનરાયના રૂપ ઉપર શ્રીગોવિંદસ્વામિ પોતાની જાતને ન્યોછાવર કરી દે છે.

આ પદ માટે એમ કહેવામાં આવે છે કે આ પદની ત્રણ તૂકનું ગાન કર્યા બાદ, શ્રી ગોવિંદસ્વામી ચૂપ થઈ ગયા. પદ અધુરું કેમ રાખ્યું? એમ શ્રીગુસાંઈજીના પુછતાં, ભક્તકવિ જવાબ આપે છે - ''અચકાં અચકાં આઈકે ભાજી ગિરિધરગાલ લગાય'' - શ્રીસ્વામિનિજી તો પ્રભુને ગુલાલ રંગે રંગી ચાલ્યા ગયા, ''धमारतो भाज गई'' - હવે ખેલ કઈ રીતે પુરો થાય?

શ્રી ગુસાંઈજી આ જવાબથી અતિપ્રસન્ન થાય છે અને છેલ્લી તૂક, આપશ્રી સ્વયંપૂર્ણ કરે છે.



Scanned by CamScanner

આ અદ્દભૂત પદનું રસપાન કરીએ. રાગ કલ્યાણના સૂરો છે. તાલ છે ધમાર.

श्रीगोवर्धनराय लाला ।। प्यारे लाल तिहारे चंचल नयन विशाला ।।

तिहारे उरसोहे वनमाला ।। यातें मोहि रही व्रजबाला ।।ध्रु० ।।

खेलत खेलत तहां गये जहां पनिहारिन की वाट ।।

गागर ढोरें सीसते कोऊ भरनन पावे घाट ।।१ ।।

नंदराय के लाडिले एसो खेल निवार ।।

मनमें आनंद भररह्यौ मुखजोवत सकल व्रजनार ।।२ ।।

अरगजा कुंकुम घोरकें प्यारी लीनों कर लपटाय ।।

अचकां अचकां आयकें भाजी गिरिधर गाल लगाय ।।३ ।।

यह विध होरी खेलही व्रज वासिन संग लगाय ।।

गोवर्धनधर रुप पर जन गोविंद बलबल जाय ।।४ ।।



Scanned by CamScanner

## ૧૩) ઐસો પત્ર લિખિ પઠચૌ નૃપ વસંત

માનિનિએ આજે માન ધારણ કર્યું છે. રાધારાણી આજે રીસાયાં છે. પરંતુ પ્રભુ માટે,માન છોડાવવું કયાં મુશ્કેલ છે. કારણ પ્રભુતો સ્વયં સકલ કલાનિધાન છે.

આથી જ પ્રભુ માનુનીને માન છોડી દેવાની સલાહ આપતો પત્ર પાઠવે છે. આ પત્ર પણ કયાં જેવો તેવો છે. એ પણ પત્ર પાઠવનાર જેટલો જ અદ્દભુત છે. ઋતુરાજ વસંત ખુદ પત્ર લઈને જાય છે. નૂતન આમ્રપર્ણનો કાગળ છે. કમળપુષ્પરૂપી ખડિયામાં, ભ્રમરના શ્યામલ રંગની સહી છે. અને પુષ્પધન્વાના પુષ્પબાણો રૂપી પ્રણયમંત્ર એ પત્રમાં અંકિત થયો છે. જેનું ગાન શુક અને પીક ઉચ્ચસ્વરે કરી રહ્યા છે.

પ્રભુની આ લીલાનું દર્શન કરતા શ્રીસૂરદાસજી વર્ણવે છે કે આ પત્ર વાંચ્યા પછી માન છોડવામાં જ શાણપણ છે.

રાગ વસંતના સંમોહક સૂરોમાં ગૂંથાયેલું આ માનનું પદ છે.



Scanned by CamScanner

ऐसो पत्र लिखि पठयौ नृप बसंत ॥
तुम तजो मान मानिनी तुरंत ॥ध्रु० ॥
कागद नव दल अँब पाँति ॥
द्वात कमल मसि भँवर गाति ॥
लेखन काम कै बान चाँप ॥
लिखि अनँग ससि दई छाप ॥
मलयानिल पठयौ करि बिचार ॥
बाँचे सुक, पिक, तुम सुनौं नारि ॥
'सूरदास' यौं बदति बानि ॥
तू हरि भजि गोपी तजि सयान ॥



Scanned by CamScanner

## ૧૪) ખેલત ખેલત પોઢી શ્રીશ્યામા...

માનિનિનું માન હવે છૂટી ગયું છે. પ્રભુ સઘનકુંજમાં સ્વામિનિજી સાથે ખેલી રહ્યા છે. રાધા પ્યારીનું અંગ અંગ, ચોવા-ચંદન અને કુમકુમથી લપટાયું છે. વીણા અને મૃદંગ જેવા મધુર વાદ્યો વાગી રહ્યા છે. ભકતકવિશ્રી કુંભનદાસજી આ લીલાનું દર્શન કરતા વર્ણવે છે કે, કોટિ કામદેવને લજાવે એ રીતે ક્રીડા કરતા, યુગલસ્વરૂપ પોઢિ ગયું છે.

રાગ વસંતમાં પોઢવાના આ પદનું શ્રવણ કરી ધન્ય બનીએ.

**खेलत खेलत पौढी श्री राधे नवललाल गिरिधर पिय संग ॥**
**चोवा चंदन अगर कुमकुमा झारति फिरति सकल अँग अँग ॥१॥**
**बाजति ताल मृदंग अधौंटी बीना मुरली तान तरंग ॥**
**कुंभनदासप्रभु यह बिधि क्रीडत यमुना पुलिन लजावति अनँग ॥२॥**



Scanned by CamScanner

૧૫) કોઉભલો બુરો જીનમાનો, રંગ ન રંગ હોરી હૈ, મોહનકે મનમોહનકો શ્રીવૃષભાનકિશોરી હૈ।

રંગોનો રસથાળ લઈને આવેલી હોરીને મનભરીને માણવાની - ગમતાનો ગુલાલ કરવાની આમાં વાત છે. કૃષ્ણજીવન લછીરામ, પ્રભુની હોરીલીલાના દર્શન કરતા વર્ણવે છે કે, એક તો રંગોનો ઉત્સવ અને તેમાંયે મનમોહનની સન્મુખ વૃષભાનકિશોરી હોય, પછી કહેવાનું બાકી શું રહે?

હોરીના આ પદનો રાગ છે કાફી અને તાલ છે ધમાર.

कोऊ भलो बुरौ जिनि मानौं अब रंगन रंग होरी है ॥
मन मोहन के मन मोहन कौं, श्री वृषभानु किसोरी है ॥१॥
होरी में कहा कहा कहियतु यामें कहा कछु चोरी है ॥
'कृष्णजीवन लछीराम' के प्रभु सों जो कहीये सो थोरी है ॥२॥



Scanned by CamScanner

## ૧૬) વલ્લભપ્રભુ કરુણાસાગર

आश्रय को पद....

श्री वल्लभ प्रभु करुणासागर जगत उजागर गाईये ॥
श्री वल्लभके चरण कमलकी बलिबलिबलि जाईए ॥१॥
वल्लभी सृष्टी समाज संग मिल जीवन को फल पाईये ॥
श्री वल्लभगुन गाईये, यहिते रसिक कहाईये ॥२॥



Scanned by CamScanner

# રસિયા

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા, કેસેટ "હોરી ખેલે વ્રજરાજ" માં પ્રથમ વસંતના પદો, આલાપચારી, અષ્ટપદી, વગેરેનું શ્રવણ કર્યા બાદ હવે હોરીના રસિયાની રમઝટ માણિયે.

લોકગીતો એ આપણી સંસ્કૃતિનો અમર વારસો છે. આપણું સંસ્કારધન છે. રસિયા એ ઉત્તરપ્રદેશના પારંપરિક લોકગીતો જ છે. જે ડફ અને ઝાંઝના તાલ સાથે ગાવામાં આવે છે. આ લોકગીતો સમયાંતરે, પુષ્ટિસમ્પ્રદાયની કીર્તનપ્રણાલીમાં ગૂંથાઈ ગયા છે.

આપણી કીર્તન પ્રણાલીમાં રસિયા, શ્રીનાથજીના પાટોત્સવ પછીથી લઈને, ડોલોત્સવ સુધી ગાવામાં આવે છે. રસિયા વિષે એક વસ્તુ ખાસ નોંધવી જરૂરી છે કે, હોરીના રસિયા છલોછલ શ્રૃંગાર રસથી ભરેલા હોય છે. પરંતુ આ લૌકિક



Scanned by CamScanner

શ્રૃંગાર નથી, આ તો સચ્ચિદાનંદઘન પરમાત્માની સાથેનું, શ્રુતિરૂપા, ઋષિરૂપા વગેરે વ્રજસિમંતિનીઓનું, સર્વાત્મભાવથી કરવામાં આવેલું આત્મસમર્પણ છે. આનંદરૂપપ્રભુની રસલીલાઓ અલૌકિક જ હોય.

જે લીલાને શુકદેવજી જેવા પરમહંસોએ ગાઈ અને ઉત્તમાધિકારી રાજા પરિક્ષિત કે જેઓ મરણોન્મુખ હતા તેમને સંભળાવી, એની ભીતરમાં કોઈ લૌકિકભાવ ન જ હોઈ શકે. પ્રભુતો રસાધિપતિ છે. ચાલો તો આ રસાધિપની રસિક લીલાઓનું અવગાહન રસિયા દ્વારા કરીએ.



Scanned by CamScanner

(૧) પ્રથમ રસિયાના બોલ છે. ''રાધે ખેલન પધારો શ્રીવૃંદાવનમેં''.

શ્રીસ્વામીનીજીને ખેલમાં પધારવાનું આમંત્રણ આપતું આ રસિયાનું પદ છે.

**राधे खेलन पधारो, होरी खेलन पधारो, श्रीवृन्दावनमें ।**

**श्री वृन्दावनमें चलौ मधुवनमें ॥**

**आई बसंत बहार करै कोयल पुकार, परै रंगनफुहार श्री... ॥१॥**

**करके सोलह सिंगार आई मिलकरके ब्रजनार, गावै होरी की धमार श्री... ॥२॥**

**लिये हाथन गुलाल, मारि पिचकारी की धार, रंगसों रंग दिये नंदकुमार श्री... ॥३॥**



Scanned by CamScanner

(૨) ભક્ત કવિ શ્રી પુરૂસોત્તમજીની બાનીમાંથી પ્રગટેલાં રસિયાના પદમાં મૃગનયની શ્રી સ્વામિનીજી તથા નવલ રસીયા શ્યામસુંદરના હોરી ખેલનું આ મનમોહક ચિત્ર છે. તો માણિયે આ સુંદર રસીયાનું પદ.

**मृगनयनी तेरो यार नवल रसिया मृगनयनी ॥**

**बडी बडी अखियाँ नैननमें सुरमा तेरी टेढी चितवन मेरे मन बसिया ॥१॥**

**अतलसकौ याके लहेंगासोहे झुमक सारी मेरे मन बसिया ॥२॥**

**छोटी छोटी अंगुरिन मुंदरीसोहे याके बीच आरसी नवल रसिया ॥**

**याके बांहबरा बाजुबंद सोहे याके हीयरे हार दिपत छतीयां ॥३॥**

**रंग महल में सेज बिछाई याके लाल पलंग पचरंग तकिया ॥**

**पुरूषोत्तम प्रभु देख बिवश भये सबे छोड ब्रजमें बसिया ॥४॥**



Scanned by CamScanner

(૩) રસિયાખેલ માટે, વાસંતી શ્રૃંગારમાં સજ્જ થયેલા, સલુણા શ્યામસુંદરની રૂપમાધુરીનું દર્શન કરતા, શ્રી ઘાસીરામજીની બાનીમાંથી પ્રગટ થયેલું આ રસિયાનું પદ માણિયે.

श्यामा श्याम सलोनी सूरत को सिंगार बसंती है।
सिंगार बसंती है हो सिंगार बसंती है...श्यामा...मोर मुकुटकी लटक
बसंती, चन्द्र कलाकी चटक बसंती, मुख मुरलीकी मटक बसंती
सिरपेपेच श्रवण कुंडल छबि डार बसंती है ॥१॥
माथे चंदन लग्यो बसंती कटि पीतांबर कस्यो बसंती मेरे मन मोहन बस्यो
बसंती गुंजामाल गल सोहे फूलन हार बसंती है ॥२॥
कनक कडुला हस्त बसंती चले चाल अलमस्त बसंती पहर रहे है वस्त्र बसंती
रुनक झुनक पग नूपुरकी झनकार बसंती है ॥३॥



Scanned by CamScanner

संग ग्वालनको टोल बसंती बजे चंग ढप ढोल बसंती बोल रहे है बोल बसंती
सब सखियनमें श्री राधे सिरदार बसंती है ।।४।।
परम प्रेम परसाद बसंती, लगे चसीलो स्वाद बसंती व्हे रही सब मरजाद
बसंती घासीराम नाम छीतरमल सार बसंती है ।।५।।



Scanned by CamScanner

(૪) પ્રભુના શ્રીઅંગ સાથે લપટાયેલી ગોપિકાઓ એવો અલૌકિક ભાવ અનુભવી રહ્યા છે કે હોરી ખેલ મુશ્કેલ બની ગયો છે અને પ્રભુ પણ ગોપિકાઓને કેસર પિચકારીથી રંગ તરબોળ કરી ઘૂંઘટ ખોલી રહ્યા છે. આમ અન્યોન્યને રંગમાં ભીંજવતા શ્યામાશ્યામનો અદ્‌ભુત હોરીખેલ જોઈ, સર્વ ધન્ય બને છે.

**अंग लिपट हँस हा हा खाय, होरी खेली न जाय ॥**
**भर भर झोरी अबीर उडावे, केसर कुमकुम मुख लपटावे ॥**
**या होरीको कहा उपाय, होरी खेली न जाय ॥१॥**
**कोरे कोरे माटन केसर घोरि, पचरंग चूनर रंगमें बोरी**
**घर जाउं सुन सास रिस्याय.... होरी खेली न जाय.**
**घुंघटमें पिंचकारी मारे, सारी चोली लेंहगा फारे**
**मुखसों आंचल देत हटाय...होरी खेली न जाय.**
**ग्वालबाल सखीयनने घेर्यों, अत्तर अरगजा नैनन गेर्यों**
**कनक कलश रंग सिरसों चुवाय...होरी खेली न जाय.**



Scanned by CamScanner

(૫) ફાગ ખેલમાં શ્યામાને શ્યામસુંદરનો અને મોહનને સ્વામિનિજીનો વેષ પરિધાન કરાવી, રસિયાનો રસ માણતા ગોપ-ગોપીઓનું તાદ્દશ ચિત્ર આ રસિયાના પદ દ્વારા ખડું થાય છે. રસિયાનું આ પદ ખાસ કરીને કુંજએકાદશીના દિવસે ગાવામાં આવે છે.

खेले श्यामा श्याम री आज कुंजनमें होरी ॥
नंदगामते आये सखा सब बरसानेकी बामरी ॥१॥
गहवरवन और खोर सांकरी कुंजकुटी निजधामरी ॥२॥
राधेको मनमोहन कियो मोहन बनाय दिये नाररी ॥३॥
हाथन महेंदी पाय महावर बेंदी लगाय दई भालरी ॥४॥
कहत दास नवनीत पियारो जपू तिहारो नाम री ॥५॥



Scanned by CamScanner

(૬) શ્યામસુંદર પીત પટમાં અને દુલારીજી ચુનરમાં શોભી રહયાં છે. વ્રજની વિથનમાં હોરિનો મદમાતો રસ વરસી રહ્યો છે. આવો માણિયે આ સુંદર રસિયાના પદને.

होरी खेलेरी बिहारी श्री वृन्दावनमें श्री वृन्दावनमें गहवरवनमें ॥

रंग उडावत फाग खिलावत पिचकाई लिये हाथन में ॥१॥

खेलन फाग चलो संग ग्वालन केसर धोरी गागर में ॥२॥

ताक लगाय खडी गोपिन संग श्री राधा प्यारी ओटन में ॥३॥

अबीर गुलाल अरगजा कुमकुम भर भर लीने झोली में ॥४॥

कृष्णको सोहे पटुका पीरो श्री राधाजी सोहे चूनरमें ॥५॥

मदमातो महिना होरी को रस बरसे ब्रज बीथनमें ॥६॥



Scanned by CamScanner

(૭) રંગોના ઉત્સવમાં ઘેલા બની હોરીખેલનો આનંદ માણતી ગોપિકાઓ, રસિકવરપ્રભુ શ્રી શ્યામસુંદરને નારીનો વેષ ધારણ કરાવે છે અને આ વેષમાં મૈયા સમક્ષ નૃત્ય કરતા પ્રભુની અદ્ભુત છબિનું દર્શન કરતા, ભકતકવિ શ્રી નારાયણની બાનીમાંથી પ્રકટે છે આ પદ.

**रसीयाको नार बनावो री ॥**

**कटि लहेंगा गल मांहे कंचुकी चुनरी सीस उठावो री ॥१॥**

**गाल गुलाल दृगनमें अंजन बेंदी भाल लगावोरी ॥२॥**

**नारायण तारी बजायके यशुमति निकट नचावो री ॥३॥**



Scanned by CamScanner

(૮) શ્યામ, શ્યામાના રસભર ખેલનું વર્ણન કરતું આ રસિયા નું પદ છે. પદના બોલ છે....

मेरी चूनर पै पर गयो दाग री मोपै ऐसो चटक रंग डार्यो ॥
मोसी ब्रजमें कितनी बसत है उनसों न खेले फाग री ॥१॥
औरनकौ अचरा नहीं पकरै मोहि पै लगावे दावरी ॥२॥
औरनसों मुखहुं न बोले याकि मोहि पै लग रही लाग री ॥३॥
बलिबलि दास बास ब्रज उपर याकी होरीमें लग जाये आग री ॥४॥



Scanned by CamScanner

(૯) નૈનનમેં મોહે ગારી દઈ, પિચકારી દઈ હોરી ખેલી ન જાય. લિયે ગુલાલ ઠાડો મૃદુ મુસિકાય, ઠાડો મૃદુ મુસિકાય હોરી ખેલી ન જાય હોરી....રસીયાના આ પદનો રસાનંદ લઈએ.

नैननमें मोहि गारि दई पिचकारी दई होरी खेलि न जाय ॥
क्योंरे लंगर लंगराई मोते कीनी केसर कीच कपोलन दीनी लिए गुलाल
ठाडौ मृदु मुसिकाय ठाडौ मृदु मुसिकाय होरी खेली न जाय ॥१॥
औचक उचक कुंमकुमा मारे रंग सुरंग सीसपै डारे यह उधम सुंन सासरिसि
आय सुन नंदनरिसि आय होरी खेली न जाय ॥२॥
नैंकन कान्ह कहे काहुकी आँख बचावे भैया बदलाऊकी अंग लिपट हँस
हाहा खाय हँस हाहा खाय होरी खेली न जाय ॥३॥
होरीके दिनन मोते दूनो दूनो अटके शालिग्राम कौन याहि हटके पनघटतें
घर लौ बतराय घर लौ बतराय होरी खेली न जाय ॥४॥



Scanned by CamScanner

(૧૦) રાધાજીની જરતારી સાડીને રંગોથી ભીંજવી એના ઘૂંઘટનો પટ ખોલીને બાંકે સાઁવરીયા કૃષ્ણ લાલા, તો હોરી ખેલતા ખેલતા ભાગી ગયા. બાંકે સાંવરિયાની આ છબિનું દર્શન, રસીયાના આ પદ દ્વારા કરીને ધન્ય બનિયે.

रंग बांको सांवरिया डार गयौ री ॥

सारी सुरंग रंग जरतारी, भरि पिचकारी मोहे मार गयौ री ॥१॥

बैयाँ पकर लंगर झकझोरी, झटक कंचुकी फार गयौ री ॥२॥

अचक उठाय लियौ अधरन रस, घूंघट पट मेरो खोल गयौ री ॥३॥

दृगन गुलाल गाल मल, मोहन छैल पधार गयौ री ॥४॥



Scanned by CamScanner